# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ - 380 014

## યુજીસી દ્વારા વર્ષ 2018માં જાહેર કરવામાં આવેલી વિવિધ શિષ્યવૃત્તિઓ/ ફેલોશીપની માહિતી

### 1. NATIONAL FELLOWSHIP FOR OTHER BACKWARD CLASSES (OBC)

અ. સામાન્ય જોગવાઇ

1) ઓબીસી ઉમેદવાર કે જેમણે સંબંધિત વિષયમાં અનુસ્નાતકની પરીક્ષા પાસ કરી હોય અને JRF of UGC NET OR UGC-CSIR NET પાસ કર્યા સિવાય પૂરા સમયના નિયમિત સંશોધનાત્મક અભ્યાસક્રમમાં જોડાયા હોય તે અરજી કરી શકશે. વિજ્ઞાન, હ્યુમેનિટીઝ, સોશીઅલ સાયન્સ, એન્જીનિયરિંગ અને ટેકનોલોજી વિષયમાં એમ.ફીલ/ પીએચ.ડીના અભ્યાસક્રમ માટે ફેલોશીપ મળી શકશે.
2) અરજીકર્તા/ તેમના માતા-પિતા કે વાલીની વાર્ષિક આવક રૂ.6.00 લાખથી વધારે હોવી જોઇએ નહિ.
3) યુજીસી દ્વારા ફેલોશીપ માટે પ્રમુખ વર્તમાનપત્રો તથા એમ્પ્લોયમેન્ટ ન્યુઝમાં જાહેરાત આપવામાં આવે છે. જાહેરાતમાં દર્શાવેલી અંતિમ તારીખ પહેલા ઓનલાઇન અરજી કરવાની રહેશે.
4) નેશનલ ફેલોશીપ માટે ઉમેદવારે સંબંધિત વિષયમાં અનુસ્નાતકની પરીક્ષા પાસ કરી હોવી જોઇએ. ઉમેદવારના મેરીટને આધારે યુજીસી દ્વારા પસંદગી કરવામાં આવશે.
5) ઉમેદવાર માન્ય યુનિવર્સિટીમાં સંબંધિત વિષયમાં પૂરા સમયના એમ.ફીલ./પીએચ.ડી. અભ્યાસક્રમ માટે નોંધણી કરાવેલી હોય તેમને જ ફેલોશીપ મળવાપાત્ર થશે.
6) નાન્યતર જાતિના ઉમેદવારો પણ અરજી કરી શકશે.
7) પસંદગી સમયે જો ફેલો અન્ય કોઇ સંસ્થા પાસેથી ફેલોશીપ/ શિષ્યવૃત્તિ મેળવતા હશે તો, આ ફેલોશીપ મંજૂર થયેથી અગાઉ મળતી ફેલોશીપ/ શિષ્યવૃત્તિ સરન્ડર કરવાની રહેશે.
8) ફેલોશીપની મુદત દરમ્યાન ફેલો અન્ય જગ્યાએથી ફેલોશીપ/ શિષ્યવૃત્તિ મેળવી શકશે નહિ. પગાર, સ્ટાઇપેન્ડ કે વળતર ધરાવતી કોઇ નોકરી કે સેવા કરી શકશે નહિ. ફેલોશીપની મુદત દરમ્યાન જો ફેલો નોકરી કે અન્ય ફેલોશીપ માટે અરજી કરવા ઇચ્છતા હોય તો યુજીસીનું એનઓસી લેવાની જરૂર નથી. પરંતુ ફેલો અન્ય જગ્યાએ પસંદગી પામે તો તેણે ફેલો તરીકે રાજીનામું આપવાનું રહેશે.

9) એમ.ફીલ. પીએચ. ડી. પૂર્ણ થયા પછી ફેલોએ UGC-INFLIBNET રીપોઝીટરીમાં સંશોધન કાર્ય આપવાનું રહેશે ફેલોશીપના છેલ્લા બે હપ્તા UGC-INFLIBNET રીપોઝીટરીમાં સંશોધન કાર્ય અને ફીડબેક આપ્યા પછી ચુકવવામાં આવશે.

બ ફેલોશીપની મુદતઃ-

પ્રારંભમાં બે વર્ષની મુદત માટે ફેલોશીપ મંજૂર કરવામાં આવશે. મુદત પૂરી થયા પહેલા ફેલોના કાર્યનું ત્રણ સભ્યોની સમિતિ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવશે. સમિતિમાં વિભાગીય અધ્યક્ષ, ફેલોના સુપરવાઇઝર અને બહારના એક નિષ્ણાત સભ્ય તરીકે રહેશે. જો ફેલોનું કાર્ય સંતોષકારક હશે તો ફેલોની મુદત સિનીયર રિસર્ચ ફેલો તરીકે વધુ ત્રણ વર્ષ માટે લંબાવવામાં આવશે. જો ફેલોનું કાર્ય સંતોષકારક નહિ હોય તો જુનિયર રિસર્ચ ફેલો તરીકે વધુ એક વર્ષ મુદત લંબાવવામાં આવશે પરંતુ ફેલોને પીએચ.ડી માટે સિનીયર રિસર્ચ ફેલોશીપ બે વર્ષની મુદત માટે જ મળશે આમ કુલ મુદત મહત્તમ પાંચ વર્ષ રહેશે. જે પૈકી એમ.ફીલ માટે બે અને પીએચ.ડી. માટે ત્રણ વર્ષની મુદત રહેશે.

જો ફેલોનું કાર્ય સંતોષકારક ન હોય અને મુદત લંબાવવા યોગ્ય ન હોય અથવા ફેલો પીએચ.ડી.ની પ્રવેશ પરીક્ષામાં ઉત્તિર્ણ ન થઇ શકે તો ફેલોશીપ રદ થશે.

ફેલોએ અગાઉ અન્ય સંસ્થા પાસેથી ફેલોશીપ કે શિષ્યવૃત્તિ મેળવી હોય અને સંશોધન કાર્ય કર્યું હોય તો તે સંશોધન મૂલ્યાંકન સમયે ધ્યાનમાં લેવાનું રહેશે નહિ.

ક. ફેલોશીપ તથા અન્ય રકમઃ-

1) ફેલોશીપ

| ક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| 1. | સાયન્સ, હ્યુમેનિટીઝ અને સોશિઅલ સાયન્સ વિષય માટે | રૂ. 25,000 પ્રતિમાસ બે વર્ષ માટે<br>રૂ. 28,000 પ્રતિમાસ બાકીના સમય માટે (એસઆરએફ) |
| 2. | કન્ટીન્જન્સી – હ્યુમેનિટીઝ અને સોશિઅલ સાયન્સ | રૂ.10,000 વાર્ષિક બે વર્ષ માટે<br>રૂ.20,500 વાર્ષિક બાકીના સમય માટે (એસઆરએફ) |
| 3. | કન્ટીન્જન્સી- સાયન્સ, એન્જિનિયરીંગ અને ટેકનોલોજી | રૂ.12,000 વાર્ષિક બે વર્ષ માટે<br>રૂ.25,000 વાર્ષિક બાકીના સમય માટે (એસઆરએફ) |

| | | |
|---|---|---|
| 4. | એસ્કોર્ટસ/ રીડર માટે મદદ | રૂ.2,000 પ્રતિ માસ, PWD અને પ્રજ્ઞાચક્ષુ ઉમેદવાર માટે |

2) એચ.આર.એ.

a) જો સંબંધિત યુનિવર્સિટી દ્વારા ફેલોને અનુરૂપ સિંગલ સીટેડ હોસ્ટેલ એકોમોડેશન પુરું પાડવામાં આવ્યું હોય તો ફેલોને જમવાના, પાણીના અને વીજળીના ખર્ચ સિવાય હોસ્ટેલ ફીની રકમ એચ.આર.એ. તરીકે ચુકવવામાં આવશે.

b) જો હોસ્ટેલની સુવિધા પૂરી પાડવામાં ન આવી હોય તો યુનિવર્સિટી દ્વારા સિંગલ એકોમોડેશન પુરું પાડવામાં આવશે આ સંજોગોમાં ખરેખર ભાડું અથવા ભારત સરકારના ધોરણો અનુસાર મળવાપાત્ર એચ.આર.એ. બેમાંથી જે ઓછું હશે તે ચુકવવામાં આવશે.

c) ફેલોએ નિવાસ માટે પોતાનીરીતે વ્યવસ્થા ગોઠવી હોય તો ભારત સરકારના ધોરણો અનુસાર મળવાપાત્ર એચ.આર.એ.ચુકવવામાં આવશે.

3) ફેલોને મેડિકલ ભથ્થું ચુકવવામાં આવશે નહિ પરંતુ યુનિવર્સિટીમાં અન્ય સેવકો, વિદ્યાર્થીઓ માટે આરોગ્ય કેન્દ્રની જે સુવિધા છે તેનો લાભ લઇ શકશે.

4) દરેક પ્રકારની શિષ્યવૃત્તિ/ ફેલોશીપ માટે આધાર નંબરને આવશ્યક ગણવામાં આવ્યો છે. ફેલોશીપની રકમ યુજીસી દ્વારા એવોર્ડીના બેંક ખાતામાં સીધી જમા કરવામાં આવશે.

5) શિષ્યવૃત્તિ મંજૂર થાય પછી એવોર્ડીએ એવોર્ડ લેટરની નકલ, જોઇનીંગ રીપોર્ટ, ફોટોગ્રાફ, સરનામું અને કોન્ટેક્ટ નંબરની વિગતો સાથે સંબંધિત બેંક શાખામાં રૂબરૂ જવાનું રહેશે. તથા દર ત્રણ માસે બેંકને કન્ટીન્યુએશન સર્ટીફિકેટ (એનેક્ષર-2), એક વર્ષ પુરું થાય એટલે પ્રગતિ અહેવાલ (એનેક્ષર-3) અને એનેક્ષર-4 અનુસાર કન્ટીન્જન્સી ગ્રાન્ટનો હિસાબ આપવાનો રહેશે. જો ફેલો એચઆરએ મેળવવા માંગતા હોય તો એનેક્ષર-5 અનુસાર માહિતી આપવાની રહેશે.

ડ. રજાઓ

a) જાહેર રજાઓ ઉપરાંત ફેલોને વર્ષ દરમ્યાન 30 રજાઓ મળવાપાત્ર થશે. આ સિવાય કોઇપણ પ્રકારના વેકેશનનો લાભ મળવાપાત્ર થશે નહિ.

b) ફેલોને ભારત સરકારના ધોરણો અનુસાર મેટરનીટી/પેટરનીટી લીવનો લાભ મળી શકશે.

c) ફેલોને ફેલોશીપની મુદત દરમ્યાન શૈક્ષણિક એસાઇન્મેન્ટ સ્વીકારવા અંગે કે સંશોધનના હેતુ માટે પરદેશ જવા માટે વધુમાં વધુ એક વર્ષની મુદત માટે ફેલોશિપ સિવાયની રજાઓ